# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 08-05-2025** **EVENING: 7.50 TO 8.00**
**Day : THURSDAY** **National News**

આકાશવાણી સમાચાર **ચૈતાલી જોશી** વાંચે છે.

****************************************************

1) **પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ વિવિધ વિભાગોના સચિવોને, કટોકટી પ્રતિભાવ અને આંતરિક સંદેશાવ્યવહાર પર વિશેષ ધ્યાન આપવા નિર્દેશ આપ્યો.**
2) **પાકિસ્તાને કરેલા હુમલાના જવાબમાં ભારતીય સશસ્ત્ર દળોએ આજે પાકિસ્તાનમાં અનેક સ્થળોએ હવાઈ સંરક્ષણ રડાર અને પ્રણાલીઓને નિશાન બનાવી.**
3) **અટલ પેન્શન યોજના એ સાડા સાત કરોડથી વધુ ગ્રાહકો અને 46 હજાર કરોડ રૂપિયાના ભંડોળ સાથે નોંધપાત્ર સીમાચિહ્ન હાંસલ કર્યું.**
4) **આગામી 5 દિવસ ઉત્તરપશ્ચિમ અને મધ્ય ભારતમાં વરસાદની - આગાહી.**
5) **IPL ટી-20 ક્રિકેટમાં આજે પંજાબ કિંગ્સ અને દિલ્હી કેપિટલ્સ વચ્ચે મુકાબલો- વરસાદના કારણે ટૉસ થવામાં વિલંબ**

..............................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ આવતીકાલે સવારે સાત વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

# PM - HIGH LEVEL MEETING

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ વિવિધ વિભાગોના સચિવોને તૈયારી, કટોકટી પ્રતિભાવ અને આંતરિક સંદેશાવ્યવહાર પર વિશેષ ધ્યાન આપવા નિર્દેશ આપ્યો. રાષ્ટ્રીય સજ્જતા અને આંતર-મંત્રાલય સંકલનની સમીક્ષા કરવા માટે સરકારના વિવિધ મંત્રાલયો અને વિભાગોના સચિવો સાથે એક ઉચ્ચ સ્તરીય બેઠકમાં શ્રી મોદીએ સતત સતર્કતા, સંસ્થાકીય તાલમેલ અને સ્પષ્ટ સંદેશાવ્યવહાર માટે હાકલ કરી. આ બેઠક દરમિયાન શ્રી મોદીએ કામગીરીની સાતત્યતા અને સંસ્થાકીય સ્થિતિસ્થાપકતાને જાળવી રાખવા માટે મંત્રાલયો અને એજન્સીઓ વચ્ચે અવિરત સંકલનની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો.

# DEFENCE-PAKISTAN

ભારતીય સશસ્ત્ર દળોએ આજે સવારે પાકિસ્તાનમાં અનેક સ્થળોએ હવાઈ સંરક્ષણ રડાર અને પ્રણાલીઓને નિશાન બનાવી હતી. સંરક્ષણ મંત્રાલયના જણાવ્યા અનુસાર, લાહોરમાં હવાઈ સંરક્ષણ પ્રણાલીને નિષ્ક્રિય કરી દેવામાં આવી છે. મંત્રાલયે કહ્યું કે, ભારત દ્વારા પાકિસ્તાન જેટલી જ તીવ્રતાથી પ્રતિક્રિયા આપવામાં આવી છે.પાકિસ્તાને ગઈકાલે રાત્રે ડ્રોન અને મિસાઈલથી અવંતીપુરા, શ્રીનગર, જમ્મુ, પઠાણકોટ, અમૃતસર, કપૂરથલા, જલંધર, લુધિયાણા, આદમપુર, ભટિંડા, ચંદીગઢ, નાલ, ફલોદી, ઉત્તરલાઈ અને ભૂજ સહિત ઉત્તર અને પશ્ચિમ ભારતમાં અનેક લશ્કરી લક્ષ્યોને નિશાન બનાવવાનો પ્રયાસ કર્યો હતો. જેને ઈન્ટિગ્રેટેડ કાઉન્ટર યુએએસ ગ્રીડ અને એર ડિફેન્સ સિસ્ટમ્સ દ્વારા નિષ્ફળ બનાવાયા હતા એમ કર્નલ સોફિયા કુરેશીએ જણાવ્યું હતું.

**(બાઇટ: સોફિયા કુરેશી)**

સંરક્ષણ મંત્રાલયે જણાવ્યું કે પાકિસ્તાને જમ્મુ અને કાશ્મીરના કુપવાડા, બારામુલ્લા, ઉરી, પૂંછ, મેંધાર અને રાજૌરી સેક્ટરમાં નિયંત્રણ રેખા પર કોઈ ઉશ્કેરણી વિના ગોળીબાર કરી રહી છે. જેમાં ત્રણ મહિલાઓ અને પાંચ બાળકો સહિત 16 લોકોએ જીવ ગુમાવ્યા છે.

# RAJNATH - SINDOOR

ભારતીય સશસ્ત્ર દળોએ ઓપરેશન સિંદૂરમાં ઉચ્ચ ગુણવત્તાવાળા સાધનોનો ઉપયોગ કર્યો છે જેના પરિણામે પાકિસ્તાન અને પાકિસ્તાનના કબજા હેઠળના જમ્મુ કાશ્મીરમાં મોટી સંખ્યામાં આતંકવાદીઓ માર્યા ગયા છે. સંરક્ષણ મંત્રી રાજનાથ સિંઘે કહ્યું કે, સશસ્ત્ર દળોએ જે રીતે પાકિસ્તાન અને પીઓકેમાં આતંકવાદી છાવણીઓનો નાશ કર્યો તે દેશ માટે ગર્વની વાત છે. આજે નવી દિલ્હીમાં રાષ્ટ્રીય ગુણવત્તા સંમેલનમાં, શ્રી સિંઘે દેશના સશસ્ત્ર દળોને તેમની કાર્યવાહી, હિંમત અને બહાદુરી દર્શાવવા બદલ અભિનંદન આપ્યા.

**(બાઇટ: રાજનાથ સિંઘ, સંરક્ષણ મંત્રી)**

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

**(ગોન્ગ મ્યુઝિક)**

# I&B - PAKISTANI CONTENT

કેન્દ્ર સરકારે OTT અને મીડિયા પ્રસારણ પ્લેટફોર્મ તેમજ દેશમાં કાર્યરત મધ્યસ્થીઓને પાકિસ્તાનમાં ઉદ્ભવતી વેબ-સિરીઝ, ફિલ્મો અને અન્ય સામગ્રી તાત્કાલિક અસરથી બંધ કરવા જણાવ્યું છે. માહિતી અને પ્રસારણ મંત્રાલયે આજે પહેલગામ આતંકવાદી હુમલાને ધ્યાનમાં રાખીને રાષ્ટ્રીય સુરક્ષાના હિતનો ઉલ્લેખ કરીને તેમને એક માર્ગદર્શિકા બહાર પાડી છે. મંત્રાલયે તેમને પાકિસ્તાની વેબ-સિરીઝ, ફિલ્મો, ગીતો, પોડકાસ્ટ અને અન્ય સામગ્રીનું પ્રસારણ બંધ કરવાની સલાહ આપી છે.

# VP-KAUTILYA

ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડે જણાવ્યું કે ભારત હંમેશા વૈશ્વિક શાંતિ, વૈશ્વિક બંધુત્વ અને વૈશ્વિક કલ્યાણમાં માને છે. નવી દિલ્હીમાં ઇન્ડિયા ફાઉન્ડેશનના કૌટિલ્ય ફેલો સાથે સંવાદ કરતાં શ્રી ધનખડે આ મુજબ જણાવ્યું હતું. તેમણે ભાર મૂક્યો હતો કે કૌટિલ્યની વિચાર પ્રક્રિયા શાસનમાં એક ગ્રંથ છે. તેમણે ઉમેર્યું કે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કૌટિલ્યના તત્વજ્ઞાનને કાર્યમાં ઉદાહરણ તરીકે રજૂ કર્યું છે. તેમણે રાષ્ટ્રીય કલ્યાણ માટે યોગદાન આપનારા વ્યક્તિઓ પર ખૂબ ભાર મૂક્યો હતો.

# ATAL PENSION YOJANA

અટલ પેન્શન યોજના એ એપ્રિલ 2025 સુધીમાં 7.65 કરોડ ગ્રાહકો અને લગભગ 46 હજાર કરોડ રૂપિયાના ભંડોળ સાથે નોંધપાત્ર સીમાચિહ્ન હાંસલ કર્યું છે. અટલ પેન્શન યોજના એ ભારતના અસંગઠિત ક્ષેત્રના કામદારો માટે નિવૃત્તિ સુનિશ્ચિત કરી છે, જેમાં નોંધપાત્ર 48 ટકા ગ્રાહકો મહિલાઓ છે.

આ યોજના યોગદાનના આધારે એક હજારથી પાંચ હજાર સુધીનું નિશ્ચિત માસિક પેન્શન પૂરું પાડે છે, અને તેનો લઘુત્તમ યોગદાન સમયગાળો 20 વર્ષનો છે. પેન્શન ભંડોળ નિયમન અને વિકાસ સત્તામંડળ દ્વારા સંચાલિત, આ યોજના દેશના સામાજિક સુરક્ષા માળખાના પાયાના પથ્થર તરીકે ઉભરી આવી છે.

# EVE JAISHANKAR - IRAN FM

ભારતે આજે પુનરોચ્ચાર કર્યો કે તેનો ઈરાદો પાકિસ્તાન સાથે પરિસ્થિતિ વધુ ખરાબ કરવાનો નથી, પરંતુ જો લશ્કરી હુમલા થશે તો તેનો ખૂબ જ કડક જવાબ આપવામાં આવશે. નવી દિલ્હીમાં તેમના ઈરાની સમકક્ષ ડૉ. સૈયદ અબ્બાસ અરાઘચી સાથે ભારત-ઈરાન 20મી સંયુક્ત કમિશન બેઠકના સહ-અધ્યક્ષતાપદે વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરે આ મુજબ જણાવ્યું હતું. તેમણે કહ્યું કે, પહેલગામ હુમલાએ ભારતને સરહદ પારના આતંકવાદી માળખા પર હુમલો કરીને જવાબ આપવા મજબૂર કર્યું.

# SHIVRAJ- VIKSIT KRISHI SANKALP ABHIYAN

કેન્દ્રીય કૃષિ મંત્રી શિવરાજસિંહ ચૌહાણે જણાવ્યું કે ખેડૂતોમાં આધુનિક ટેકનોલોજી અને નવી બીજ જાતો વિશે જાગૃતિ લાવવા 29 મે થી 12 જૂન દરમિયાન રાષ્ટ્રવ્યાપી 'વિકસિત કૃષિ સંકલ્પ અભિયાન' શરૂ કરાશે. શ્રી ચૌહાણે નવી દિલ્હીમાં કૃષિ- ખરીફ અભિયાન 2025 પર રાષ્ટ્રીય પરિષદને સંબોધતા આ જાહેરાત કરી હતી.

15 દિવસના અભિયાન પર પ્રકાશ પાડતા, શ્રી ચૌહાણે માહિતી આપી કે આ અભિયાન હેઠળ, દેશભરના 700 જિલ્લાઓને આવરી લેવામાં આવશે અને લગભગ એક કરોડ 50 લાખ ખેડૂતો સુધી પહોંચવામાં આવશે. તેમણે કહ્યું કે રાજ્યોના સહયોગથી કૃષિ વૈજ્ઞાનિકો, અધિકારીઓ અને પ્રગતિશીલ ખેડૂતો સહિત બે હજાર ટીમો બનાવાશે. દરરોજ 10 થી 12 લાખ ખેડૂતો સુધી પહોંચવાનો ઉદ્દેશ્ય છે.

# IMD – RAINFALL

આગામી 4 થી 5 દિવસ સુધી ઉત્તર-પશ્ચિમ અને મધ્ય ભારતમાં વરસાદની આગાહી હવામાન વિભાગે કરી છે. જમ્મુ, કાશ્મીર, લદ્દાખ, હિમાચલ પ્રદેશ, ઉત્તરાખંડ, પંજાબ, હરિયાણા, દિલ્હી, ઉત્તર પ્રદેશ, મધ્ય પ્રદેશ, પશ્ચિમ બંગાળ, છત્તીસગઢ અને રાજસ્થાનમાં હળવાથી મધ્યમ વરસાદની શક્યતા છે. આગામી પાંચ દિવસ દરમિયાન ઉત્તરપૂર્વ ભારતમાં વાવાઝોડા અને વીજળી સાથે ભારે વરસાદ પડી શકે છે. હવામાન વિભાગે જણાવ્યું હતું કે દક્ષિણ પશ્ચિમ ચોમાસુ આ મહિનાની 13 તારીખની આસપાસ દક્ષિણ આંદામાન સમુદ્ર, દક્ષિણપૂર્વ બંગાળની ખાડી અને નિકોબાર ટાપુઓના કેટલાક ભાગોમાં આગળ વધવાની સંભાવના છે.

# KERALA NIPAH VIRUS

કેરળના મલપ્પુરમમાં નિપાહ વાયરસની પુષ્ટિ થઈ છે. રાજ્યના આરોગ્ય પ્રધાન વીણા જ્યોર્જે જણાવ્યું હતું કે વલાનચેરીની રહેવાસી 42 વર્ષીય મહિલા, જેને પેરિન્થલમન્નાની એક હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી, તેને વાયરલ ચેપ હોવાનું જણાયું છે.

સૂત્રોએ જણાવ્યું હતું કે છેલ્લા એક અઠવાડિયાથી હોસ્પિટલમાં દાખલ મહિલાને તાવ, ખાંસી અને શ્વાસ લેવામાં તકલીફ થઈ રહી હતી. તેના શરીરના નમૂનાઓ, જે નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ વાયરોલોજી, પુણેમાં મોકલવામાં આવ્યા હતા, તેના પરિણામો સકારાત્મક આવ્યા.

2018 માં સૌપ્રથમ નોંધાયેલ ઝૂનોટિક વાયરસે રાજ્યમાં અત્યાર સુધીમાં 21 લોકોના મોત નિપજ્યા છે.

# IPL-CRICKET

IPL ટી-20 ક્રિકેટમાં આજે પંજાબ કિગ્સ અને દિલ્હી કેપિટલ્સ વચ્ચે ધર્મશાળામાં મૂકાબલો થશે. પરંતુ વરસાદને કારણે હજુ ટોસ થયો નથી.

પોઈન્ટ ટેબલમાં પંજાબ કિંગ્સ ત્રીજા અને દિલ્હી કેપિટલ્સ પાંચમા ક્રમે છે.

# MUMBAI ACCIDENT

મહારાષ્ટ્રના રાયગઢ જિલ્લામાં આજે એક માર્ગ અકસ્માતમાં ચાર લોકોના મોત થયા છે અને 20 લોકો ઘાયલ થયા છે. તાલા-માંડડ રોડ પર એક ઝડપી ડમ્પર રાજ્ય પરિવહનની બસ સાથે અથડાતાં આ અકસ્માત સર્જાયો હતો. ઘાયલોને તાત્કાલિક નજીકની હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા. જેમાં નવ મુસાફરોની હાલત હજુ પણ ગંભીર છે અકસ્માતની તપાસ ચાલુ છે.